જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૫/૨૦૨૬ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૭૩૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી, ૧૨૭ લીટર દેશી દારૂ, ૨૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતું. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૬૯,૯૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૭૩૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૨૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

લુંટઃ– **સમાચાર યાદી નં.૭૩૯/૨૦૨૬**

આનંદનગરઃ રજનીકાંત રમેશભાઈ રાવળ (ઉ.વ.૩૭)(ધંધો:ટેક્ષી ડ્રાઈવીંગ)(રહે, શરણમ એલીગન્સ, દુન સ્કુલ રોડ, કર્ણાવતી એન્કલેવ પાસે, ન્યુ મણીનગર રામોલ) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૫/૨૦૨૬ ના ૨/૦૦ થી ૩/૩૦ વાગ્યા દરમ્યાન ચાર અજાણ્યા પુરૂષ (૨૫ થી ૪૦ વર્ષના આશરાના) એ ભેગામળી રેપીડો એપ્લીકેશનથી રાઇડ બુક કરી, મકરબા ફાટક સામે આવેલ શાકભાજી માર્કેટ સામે થી રજનીકાંત રાવળની રેપીડો કારમાં બેસી ઝુડાલ સર્કલ થી આગળ જમણી બાજુ ગલીમા ગાડી લઇ જઇ, અવાવરૂ જગ્યાએ રજનીકાંત રાવળના ગળાના ભાગે ચપ્પુ મુકી, શરીરે ગડદા પાટુનો માર મારી ધમકી આપી તેમનો ઓપો કંપનીનો મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૧૫,૦૦૦/–, રજનીકાંત રાવળના ગળામા પહેરેલ ચાંદીની ચેઇન કિંમત રૂપિયા ૫૦૦૦/–, રોકડ રૂપિયા ૧૫૦૦/–, એરટેલ પેમેન્ટ બેન્કના ખાતામાંથી રૂપિયા ૨,૦૦૦/– આરોપીઓના ખાતામા ટ્રાન્સફર કરાવી લઇ તેમજ અગત્યના દસ્તાવેજો મુકેલ પર્સ અને તેમની ફોર વ્હીલ કાર કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૫,૨૩,૫૦૦/– મતાની લુટ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.કોડીયાતર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૭૪૦/૨૦૨૬**

શાહપુરઃ સોહેબે મુન્નાભાઈ કુરેશી (ઉ.વ.૨૬)(રહે.મરહબા ફ્લેટ, નવો વાસ, બિસ્મિલ્લાહ મસ્જિદ પાસે શાહપુર) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૫/૨૦૨૬ સવારના ૮/૦૦ થી ૯/૪૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એસ.મુસાર ચલાવે છે.

સેટેલાઇટઃ કિશનભાઇ ગણેશભાઇ રાઠોડ (ભાટી)(ઉ.વ.૨૧)(રહે.ઉમીયા વિજય ફુટપાથ ઉપર, ઝાંસીની રાણીના પુતળા પાસે, નેહરૂનગર) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૫/૨૦૨૬ રાતના ૧૧/૨૦ વાગ્યા પહેલા ઝાંસીની રાણી બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડની બાજુમા ખુલ્લા પ્લોટમાં આવેલ ઝાડ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સેટેલાઇટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રણવીરસિંગ મેઘાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી